**Received on -15/01/2018**
**Registered on-15/01/2018**
**Decided on -27/04/2026**
**Duration - Year Month Day**
08 03 12

**<u>મહેરબાન મહુવાનાં પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુ.મહુવા, જી.સુરત</u>**

**<u>રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર ૦૩/૨૦૧૮</u>**

**<u>આંક–</u>**

**વાદીઃ–** **મોહનભાઈ પ્રેમાભાઈ ચૌહાણ**
ઉ.વ.આ.૬૧, ધંધો : ખેતી,
રહે.મુ.પો.કવીઠા, તા.મહુવા, જી.સુરત

**–વિરૂધ્ધ–**

**પ્રતિવાદીઃ–** (૧) **કિશોરભાઈ પ્રેમાભાઈ ચૌહાણ**
ઉ.વ.આ.૭૦, ધંધો : વેપાર,
રહે.૩૨/એ, દિપ મંગલ સોસાયટી, નવસારી
તા.જી.નવસારી

(૨) **અજીતભાઈ પ્રેમાભાઈ ચૌહાણ**
ઉ.વ.આ.૫૪, ધંધો : નિવૃતી,
રહે.૨૬–એ, ઉત્તમ વિહાર સોસાયટી, ઉત્તમ પાર્ક
પાછળ, ચોવીસી સ્કુલ નજીક, મુ.ચોવીસી,
તા.જી.નવસારી

(૩) **સુમનભાઈ પ્રેમાભાઈ ચૌહાણ**
ઉ.વ.આ.૫૧, ધંધો : નોકરી,

રહે.સી–૫, એવન રેસીડન્સી, જી.ઈ.બી. ઓફિસ સામે, એરૂ ચાર રસ્તા, તા.જલાલપોર, જી.નવસારી

(૪) **નિર્મલાબેન પ્રેમાભાઈ તે ઝવેરભાઈ ચૌહાણની પત્ની**
ઉ.વ.આ.૭૦, ધંધો : નિવૃતી,
રહે.આનંદ મંગલ, સુમંગલ સોસાયટી, મુ.ચોવીસી, ચોવીસી સ્કુલ નજીક, તા.જી.નવસારી

(૫) **વીણાબેન પ્રેમાભાઈ તે મનુભાઈની પત્ની**
ઉ.વ.આ.૬૪, ધંધો : ઘરકામ,
રહે.તળાવ ફળિયુ, ઉન ગામ, તા.ચોર્યાસી, જી.સુરત,

(૬) **ઉર્મિલાબેન પ્રેમાભાઈ તે ગીરીશભાઈની પત્ની**
ઉ.વ.આ.૬૩, ધંધો : ઘરકામ,
રહે.રોહિતવાસ, મુ.પો.હાંસાપોર, તા. જી.નવસારી,

(૭) **દક્ષાબેન પ્રેમાભાઈ તે કાંતિલાલની પત્ની**
ઉ.વ.આ.૫૨, ધંધો : નોકરી,
રહે.રામદેવ નગર સોસાયટી, પાલનપુર પાટીયા નજીક, અડાજણ, સુરત

**દાવોઃ– વાદી તર્ફે જાહેરાત તથા જાથુકની મનાઈ મેળવવા બાબતે**

| | |
|---|---|
| **વાદી તરફે** | **– વિ.વ.શ્રી બી.એમ.નાયક** |
| **પ્રતિવાદી નં.૧ તરફે** | **– વિ.વ.શ્રી વી.ડી.નાયક** |
| **પ્રતિવાદી નં.૨ થી ૭ તરફે** | **– વિ.વ.શ્રી. કોઈ નહીં.** |

## // જજમેન્ટ //

(૧) **વાદીના દાવાની ટુંકમાં હકીકત :**

વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, સુરત જિલ્લાના સબ ડીસ્ટ્રીકટ મહુવા તાલુકાના મોજે આમચક ગામે આવેલી ખેતીની જુની શરતની બ્લોક નં.૩૯૬ જેના જુના સર્વે નંબર : ૩૬૭, ૩૬૮/૧ વાળી જેનું

ક્ષેત્રફળ જરાયત હે.આરે.ચો.મી. ૧–૩૫–૫૭ તથા પો.ખ.બ. ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦–૦૪–૭૬ મળી કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૪૦–૩૩ જેનો આકાર રૂ.૮–૬૨ પૈસા છે. અને જેનો ખાતા નં.૬૩ છે. તે ખેતીની જમીનની ચતુરદિશા નીચે મુજબ છે.

પૂર્વે :– બ્લોક નં.૩૯૭ વાળી ખેતીની જમીન.

પશ્ચિમે :– કોતર તથા કવીઠા ગામનો સીમાડો તથા કવીઠા ગામે આવેલી બ્લોક નં.૨૩ પૈકીની તથા બ્લોક નં.૨૪ વાળી ખેતીની જમીનો.

ઉત્તરે :– આમચક થી મહુવા જતો જાહેર ડામર રોડ.

દક્ષિણે:– બ્લોક નં.૩૯૫ વાળી ખેતીની જમીન.

વધુમાં મોજે આમચક, તા.મહુવા ગામે આવેલી ગામતળ/૧૧ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦૦–૦૧–૧૨ આકાર રૂ.૧–૨૦ પૈસા વાળી રહેઠાણની જમીનમાં ઘણા વર્ષો પહેલા એક રહેઠાણનું નાનું જુનુ કાચું મકાન હતું, તે તોડી પાડી તેની નીચેની જમીનનો ખેતીની જમીન બ્લોક નં.૩૯૬ માં સમાવેશ કરી દીધેલો છે.

ઉપરોકત દાવાવાળી ખેતીની પક્ષકારોની વડીલોપાર્જીત જમીન છે. જે વાદીના પિતાના સમયથી ચાલી આવેલી છે. પરંતુ સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબજો ૩૦ વર્ષ કરતાં વધારે વર્ષથી વાદીનો એકલાનો ચાલી આવેલો ચાલુ છે અને વાદી દાવાવાળી ખેતીની જમીનમાં છેલ્લા કેટલાક સમયથી શેરડીનો પાક લેતા આવેલા છે અને તેનું વેચાણ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ, ગણદેવીમાં કરતા આવેલા છે તેમજ સદરહુ દાવાવાળી જમીનનું મહેસુલ વાદી એકલા ભરતા આવેલા છે તથા ખેતીના હેતુ માટે પાણી વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટાની મોજે કવીઠા, તા.મહુવા ગામે આવેલી ખેતીની બ્લોક નં.૨૩ પૈકીની ખેતીની જમીનમાં પુર્ણા નદીમાંથી આવેલી સીમેન્ટની પાઈપ લાઈન મારફતે જે કવીઠા ગામના વાદીના કબજાની બ્લોક નં.૨૪ માંથી પસાર થાય છે, તેમાંથી લેતા આવેલા છે અને ખેતીના વીજ વપરાશના બીલો વાદી ભરતા આવેલા છે. આ રીતે દાવાવાળી ખેતીની જમીનનો પ્રત્યક્ષ કબજો આ કામના પ્રતિવાદીઓ તથા ગામના સર્વે લોકોની જાણમાં, જાહેરમાં, શાંતિથી, ખુલ્લી રીતે, કોઈના વાંધા–વિરોધ વિના છેલ્લા ૩૦ વર્ષ કરતા વધુ

વર્ષોથી સતત એકધારો, અખંડીત ચાલી આવેલો ચાલુ છે. જેમાં આજદિન સુધીમાં કોઈપણ પ્રતિવાદીઓએ હરકત, અવરોધ, દખલગીરી કરેલી નથી.

છેલ્લા કેટલાક સમયથી સ્થાવર મિલકતમાં અને ખાસ કરીને ખેતીની જમીનોની બજાર કિંમત ઘણી વધેલી હોવાથી આ કામના પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓની દાનત બગડેલી છે અને આ કામના પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાઓ પોતાના માણસોને સ્થળ ઉપર મોકલાવી દાવાવાળી તમામ મિલકતનો પ્રત્યક્ષ કબજો બળજબરીથી લઈ લેવાની અને ભાડુતી માણસો મારફતે ઘુસી જવાની ધમકી આપે છે. આ કામના પ્રતિવાદી નં.૪ થી ૭ નાઓ વાદીની પરણીત બહેનો છે. તેણીઓ તેણીના સાસરે છે. તેઓ લગ્ન થયા બાદ દાવાવાળી મિલકત ઉપર કદી આવ્યા નથી અને તેઓના લગ્ન થવાથી તેઓના કોઈપણ પ્રકારના લાગ-ભાગ, હકક-હિસ્સા, હીત, સબંધ દાવાવાળી મિલકત બાબતે રહેલા ન હતા અને નથી. જયારે પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાએ પોતાના વાણી, વર્તન અને વ્યવહારથી દાવાવાળી મિલકત બાબતે પોતાના કહેવાતા હકકો જતા કરેલા યાને છોડી દીધેલા છે અને આ સંજોગોમાં છેલ્લા ૩૦ વર્ષથી દાવાવાળી મિલકતના વાદીના પ્રત્યક્ષ કબજામાં કોઈપણ પ્રકારની હરકત, અવરોધ, દખલગીરી કરેલી ન હતી અને નથી. પ્રતિવાદીઓ ખેતીના સાધનો રાખતા નથી. તથા પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ કવીઠા ગામે રહેતા નથી. પરંતુ દાવા અરજીના કોઝ ટાઈટલમાં જણાવેલ સરનામે રહે છે. પ્રતિવાદી નં.૧ ઘણા વર્ષોથી વિદેશમાં સ્થાયી થયેલા છે. હાલમાં નવસારી મુકામે આવેલા છે અને દાવાવાળી મિલકત બાબતે દખલગીરીનો પ્રયત્ન કરતા આવેલા છે.

આ દાવાનું કારણ છેલ્લા કેટલાક સમયથી કેટલાક અજાણ્યા ઈસમો દાવાવાળી મિલકત ઉપર આવી પ્રતિવાદી નં.૧ થી નં.૩ નાએ મોકલ્યા હોવાનું અને દાવાવાળી મિલકતમાં ખેતી કરવાનું અગર પટ્ટેથી ખેતી કરવ કહ્યુ હોવાનું જણાવે છે અને ભાડા-પટ્ટાના લેખથી તબદીલ કરાવી લેવા બાબતે તેમક કબજો ઝુંટવી લેવા બાબતે ધમકી આપે છે. આ મુજબ છેલ્લે તા.૦૬/૦૧/૨૦૧૮ ના અરસામાં પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામે અજાણ્યા ઈસમોએ દાવાવાળી મિલકતમાં ગેરકાયદેસર રીતે ઘુસી જવા ધમકી આપી

ત્યારથી દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે.

વાદી દાદ માંગે છે કે, દાવા અરજીના ઉપરોક્ત જણાવેલી દાવાવાળી મિલકતમાં વાદીના એકલાના ચાલી આવેલા શાંત, પ્રત્યક્ષ, કબજા, ભોગવટામાં પ્રતિવાદી પોતે–જાતે, હસ્તે–પરહસ્તે, પોતાના એજન્ટ, માણસો, નોકર, પ્રતિનિધી તેમજ ભાડુતી માણસો મારફતે હરકત, અવરોધ, અટકાવ, દખલગીરી, પ્રવેશ, અપપ્રવેશ કરે કરાવે નહીં તથા ત્રાહિતોને ઘુસાડે નહીં તથા વીધાઉટ ડયુ પ્રોસેસ ઓફ લો સમક્ષ દિવાની અદાલતના હુકમનામાં વિના દાવાવાળી મિલકતનો અગર મિલકત પૈકી કોઈપણ મિલકતનો પ્રત્યક્ષ કબજો વાદી પાસેથી બળજબરીથી, ગેરકાયદેસર રીતે ઝુંટવી લે નહી તથા દાવાવાળી મિલકત બાબતે ત્રાહિત વ્યક્તિ અગર સંસ્થાના લાભમાં કોઈપણ પ્રકારના વેચાણ, ગીરો, બક્ષિસ, ભાડા પટ્ટાના વ્યવહારો અને લેખો તબદીલી બાબતના કરે કરાવે નહી તેવી જાથુકની મનાઈનું હુકમનામુ વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ કરી આપવા તથા વાદીનો દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા તથા યોગ્ય લાગે તે દાદ વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ અપાવવા અરજ કરેલ છે.

## (૨) કોર્ટ દ્વારા અનુસરવામાં આવેલ કાર્યવાહી :

સદર દાવાના કામે પ્રતિવાદીઓને સમન્સ, નોટિસ તેમજ જાહેર નોટિસ ઈસ્યુ કરતા પ્રતિવાદીઓને બજી ગયેલ હોવા છતા પ્રતિવાદીઓએ સમય મર્યાદામાં જવાબ રજૂ કરેલ ન હોય જેથી પ્રતિવાદીઓનો જવાબ રજૂ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ કોર્ટ કમિશનરનો રિપોર્ટ આંક–૧૨ થી સદર કામે રજૂ છે. નામદાર કોર્ટએ આંક–૩૨ થી મુદ્ધા કાઢેલ છે. ત્યારબાદ વાદી તરફે પોતાનો પુરાવો રજૂ કરેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક–૫૩ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પોતાનો પુરાવો પુરો થયેલાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે કોઈ પુરાવો રજૂ કરેલ ન હોય પ્રતિવાદીઓનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૩)  પ્રતિવાદીઓના જવાબની ટુંકમાં હકીકતઃ–**

સદર દાવાના કામે પ્રતિવાદીઓએ સમય મર્યાદામાં જવાબ રજૂ કરેલ ન હોય જેથી પ્રતિવાદીઓનો જવાબ રજૂ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૪)  ઉપરોકત તમામ હકીકતોએ આ દાવાના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ :**

1. Whether plaintiff proves that suit property is received as ancestral property ?
2. Whether plaintiff proves that plaintiff is having possession of suit property over 30 years ?
3. Whether the plaintiffs prove that the defendants have no right title or interest in the suit property ?
4. Whether the plaintiffs prove that the defendants are trying to remove them from the suit property without adopting due process of law and defendants are denying the legal character and right of the plaintiffs as to suit property ?
5. whether plaintiffs are entitled to get the relief as prayed for ?
6. What order and decree ?

ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

**૧.** હકારમાં

**૨.** નકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. નકારમાં

૬. આખરી હુકમ મુજબ

(૫) આ કામે વાદીએ પોતાનો દાવો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી મોહનભાઈ પ્રેમાભાઈ ચૌહાણનું સરતપાસનું સોગંદનામુ | ૩૬ |
| ૨. | કલોઝીંગ | ૫૩ |

**<u>દસતાવેજી પુરાવાઓ :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મોજે : આમચક, તા.મહુવા જી.સુરતના ખાતા નંબર ૬૩ ના ગામ નમુના નંબર ૮–અ (જમીનની ખાતાવહી) ની નકલ | ૩૯ |
| ૨ | મોજે : આમચક, તા.મહુવા, જી.સુરતના બ્લોક/સર્વે નં.૩૯૬ ના ગામ નમુના નંબર ૭ અને ૧૨ ની નકલ | ૪૦ |
| ૩ | સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ. ગણદેવીનું શેરડી વાવેતર મંજુરી પત્રક અસલ | ૪૧ |
| ૪ | સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ. ગણદેવીનું શેરડી વાવેતર મંજુરી પત્રક અસલ | ૪૨ |
| ૫ | સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ. ગણદેવીનું નવુ શેરડી વાવેતર માપણી ફોર્મ અસલ | ૪૩ |
| ૬ | સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ. ગણદેવીનું નવુ શેરડી વાવેતર માપણી ફોર્મ અસલ | ૪૪ |
| ૭ | સંયુકત જમીન મહેસુલ ભર્યાની પાવતી અસલ | ૪૫ |
| ૮ | સંયુકત જમીન મહેસુલ ભર્યાની પાવતી અસલ | ૪૬ |
| ૯ | શિક્ષણ ઉપકર ની અસલ પહોંચ | ૪૭ |
| ૧૦ | શિક્ષણ ઉપકર ની અસલ પહોંચ | ૪૮ |
| ૧૧ | નકશાની નકલ | ૪૯ |

(૬) સદર કામે પ્રતિવાદીઓ તર્ફે કોઈ પુરાવો રજુ કરેલ ન હોય પ્રતિવાદીઓનો પુરાવા રજુ કરવાનો હકક તા.૦૪–૧૨–૨૦૨૫ ના રોજ બંધ

કરવામાં આવેલ છે.

## (૭) દલીલ :

**(૭.૧)** વાદી તર્ફે લેખીત દલીલ **આંક – ૫૬** થી રજુ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. વાદીના વિદ્વાન વકીલશ્રીએ મૌખીક દલીલ કરી રજુઆત કરે છે કે વાદી દાવાવાળી મિલ્કતના ૩૦ વર્ષથી કબ્જેદાર છે અને દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત છે. પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓએ પોતાના માણસોને સ્થળ ઉપર મોકલાવી દાવાવાળી મિલ્કતનો પ્રત્યક્ષ કબ્જો બળજબરીથી લઈ લેવાનો અને ભાડુતી માણસો મારફતે ધુસી જવાની ધમકી આપેલ છે અને પ્રતિવાદી નં. ૪ થી ૭ પરીણીત બહેનો છે અને તેઓના લગ્ન થવાથી તેઓનો દાવાવાળી મિલ્કતમાં કોઈ લાગભાગ હકક હિસ્સો રહેલા નથી જેથી રજુ પુરાવા આધારે વાદી પોતાના દાવાને પુરવાર કરવામાં સફળ રહેલ હોય જેથી દાવા અરજીમા જણાવ્યા મુજબની દાદ આપવા રજુઆત કરેલ છે. વધુમા દલીલ કરતા જણાવેલ છે કે આ કામના પ્રતિવાદીએ કોઈ સબળ પુરાવો રજુ કરેલ નથી જેથી વાદી પોતાનો દાવો પુરાવા થકી પુરવાર કરવામા સફળ રહેલ હોવાનું સાબિત થાય છે. તેમજ વાદીએ દાવાઅરજીમાં જણાવેલ હકીકતો પુરવાર કરેલ હોય વાદીના લાભમા હુકમનામું ફરમાવવા તથા દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા રજુઆત કરેલ છે.

## (૮) વાદીનો પુરાવો :

વાદી તર્ફે પોતાના દાવાના સમર્થનમાં વાદી મોહનભાઈ પ્રેમાભાઈ ચૌહાણની સોગંદ પર સરતપાસ આંક–૩૬ થી રજૂ કરવામાં આવેલ છે. જેમાં દાવા અરજીને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે. જેથી પુનરાવર્તન ટાળવા માટે વાદીની સરતપાસની હકીકતોનો ઉલ્લેખ આ તબકકે કરવામાં આવતો નથી.

પ્રતિવાદીઓ તરફે વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ પ્રતિવાદીઓનો વાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

## :::નિર્ણય માટેના કારણો:::

(૯) આ કામે ઘડવામાં આવેલ મુદ્દા અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાકન કરતા પહેલા પુરાવાના મુલ્યાકનના સિધ્ધાતો ધ્યાને લેતા જે હકીકત પ્લીડીંગ એટલે કે દાવા અરજી અને જવાબમાં ન દર્શાવેલ હોય તે હકીકતોનો પુરાવો ધ્યાને લઈ શકાય નહી. ભારતીય પુરાવાના કાયદા તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈ તથા દિવાની કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં વાદી કે પ્રતિવાદીઓ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આપે તો પણ પ્લીડીગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર રાખી શકાય નહિ.

દાવાના નિર્ણય અર્થે ઘડવામાં આવેલ મુદ્દાઓના અનુસધાને દાવાની હકીકત પુરાવાર કરવા સંબંધી પુરાવાની સાબીતીના બોજાના અનુસંધાને આ તબક્કે ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ ૧૦૧ તથા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૧૦૪ ની જોગવાઈ ટકવી આવશ્યક જણાય છે.

દિવાની કાર્યવાહીમાં કેસની હકીકતોને સાબિત કરવાનો બોજો વાદીપક્ષે રહે છે. તે માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧, ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ – ૧૦૪ વંચાણે લેતા.

### Section 101 of Evidence Act – Burden of proof.

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

### Section 104 of B.S.A. – Burden of proof.

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist, and When a person is bound to prove the existence of any fact, it is said that the

burden of proof lies on that person.

ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મૂલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પિત કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ તથા બી.એસ.એ.ની કલમ – ૨ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે.

દિવાની કાર્યવાહીમાં પુરાવાનો બોજો વાદીપક્ષ પર રહેલ છે. વાદીપક્ષે પોતાની હકીકતો પુરાવાથી સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં સર્વપ્રથમ કેસ પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહે છે. વાદીએ જ પોતે જ પોતાનો કેસ ક્લીયર ઍન્ડ કન્વિન્સિંગ ઍવિડન્સ અને પ્રિપોન્ડરન્સ ઑફ ઍવિડન્સથી સાબિત કરવાનો રહે છે.

વધુમાં ભારતીય પુરવા અધિનીયમની કલમ–૧૦૧, ૧૦૬ તથા બી.એસ.એ.ની કલમ – ૧૦૪, ૧૦૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વાદી જે હકીકત જણાવે છે તેનું અસ્તીત્વ છે તેવુ પુરવાર કરવાની જવાબદારી વાદી ઉપર રહેલ છે અને જો વાદી આવી હકિકત પોતાના પુરાવા ધ્વારા પુરવાર કરી શકે કે તેઓ જે દાદ મેળવવા દાવો કરેલ છે તે દાદ મેળવવા તેઓ હકકદાર છે તો તેવા સંજોગોમાં તેનાથી વિરુધ્ધની હકિકત પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદી ઉપર સીફ્ટ થાય છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને બી.એસ.એ.ની કલમ – ૧૦૪ મુજબ પુરાવાનો પ્રારંભીક બોજો વાદી ઉપર રહેલ છે, જે સીવીલ કેસની પ્રાથમીકતા છે જે કેસની કાર્યવાહી દરમ્યાન કયારેક બદલાતી નથી, જયારે વાદી ઉપર રાખવામાં આવેલ પુરાવાની બોજાની હકિકત રજુ કરવામાં સફળ થાય પોતાના પુરાવા ધ્વારા તેઓ કાયદેસર રીતે દાદ મેળવવા હકકદાર હોવાની હકિકત માની શકાય તેવા પુરાવા રેકર્ડ રજુ રાખવામાં સફળ થાય તો તેવા સંજોગોમાં

પુરાવાનો બોજો પ્રતિવાદી ઉપર સીફટ થાય તેવા સંજોગોમાં પ્રતિવાદી પોતાના પુરાવા અને હકિકત ધ્વારા વાદી જે હકિકત અને પુરાવા જણાવેલ છે તેને નકારી શકાય તેવા પુરાવા રજુ કરવાની જવાબદારી તેઓ ઉપર સીફટ થતી હોય છે.

સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

સીવીલ દાવામાં કોઈ હકીકત ત્યારે સ્વીકૃત માની શકાય જયારે આવી હકીકતને પ્રીપોન્ડેરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે, આવી હકીકતને સબળ પુરાવા ધ્વારા સચોટ અને સાચી હોવાનુ માની શકાય. જેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩, બી.એસ.એ.ની કલમ – ૨ મુજબ કોઈ હકીકત અસિતત્વમાં છે તેવુ ન્યાયાલય ત્યારે માને અથવા તેનુ અસ્તિત એવુ સંભવિત હોવાનુ ગણે કે કોઈ સમજદાર વ્યકિતએ અમુક કેસના સં જોગોમાં તે હકિકત અસિતત્વમાં છે તેવુ ધારી શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર આવે. જે સંજોગોમાં એક સામાન્ય વ્યકિત સમજી શકે તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીની છે અને અને તેવી હકીકત વાદીએ તેઓના પુરાવા ધ્વારા પુરવાર કરવી જોઈએ, તે માટે પ્રતિવાદીએ કોઈ તકરાર લીધેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે પ્રતિવાદીના પુરાવામાં અમુક ઉણપ રહિ ગયેલ છે તેનો લાભ વાદી લઈ શકે નહી. હવે વાદીએ રજુ કરેલ પુરાવાને આધારે તેઓએ જણાવેલ હકિકત સાબીત થયેલ છે કે કેમ ? તે માટે સૌપ્રથમ સંભાવનાઓ નકકી કરવાનો પ્રથમ તબકકો હોય છે અને ત્યારબાદ બીજા તબકકામાં આવી સંભાવનાઓને પુરાવાને આધારે ભાર નિરર્ધારીત કરવાનુ હોય છે. જે

સંજોગોમાં ઘણી વખતે સંભાવનાઓની વિશાળ શ્રેણીમાં પ્રથમ તબકકામાં સં ભાવનાઓ છુટી પાડવાનુ મુશ્કેલ બની રહે છે અને જેને કારણે બીજો તબકકો અકલ્પનીય બની રહે છે. વધુમાં જે વ્યકિત પોતાની તરફેણમાં હુકમ મેળવવા માંગતો હોય અને તે જે વસ્તુ ઉપર આધાર રાખતો તે તેણે સાબિત કરવી જોઈએ, તેવુ આ જોગવાઈમાં સ્પષ્ટપણે જણાવેલ છે.

વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટ અનિલભાઈ ત્રશિષભાઈ વિ. ગુરૂબક્ષસિંહ[AIR 2006 S.C. 1971] ના ચુકાદામાં ઠરાવે છે કે કલમ – ૧૦૧ નો પ્રાથમીક નિર્ણય અપરીવર્તનશીલ છે અને આરંભીક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો તેનુ તે પાલન કરે અને પોતાના દાવાને દાદ માટે પોતે હકકદાર હોવાનું સાબીત કરે ત્યારે તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે. આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે.

આમ, ઉપરોકત ઠરાવવમાં આવેલ સિધ્ધાંતો તથા કેસ હકીકત તથા પક્ષકારો ધ્રારા કરવામાં આવેલ દલીલોને ધ્યાને લઈને આ દાવાના પુરાવાની આગળ ચર્ચા કરવામાં આવે છે.

**<u>(૧૦)</u>** **<u>મુદ્દાઓની ચર્ચા –</u>**

**<u>મુદ્દાઓ ની ચર્ચા</u>**

**(૧૦.૧)** તમામ મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય તમામ મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે અને દાવાઅરજી અને આંક – ૩૬ થી રજુ સરતપાસ જોવામાં આવે તો તેમાં વાદી જણાવે છે કે "...દાવાવાળી ખેતીની જમીન હમો પક્ષકારોની વડીલોપાર્જીત જમીન છે. જે અમો વાદીના પિતાના સમયથી ચાલી આવેલ છે. " આમ, વાદીએ તેની દાવાઅરજી અને સરતપાસમાં જ સ્વીકારેલ છે કે દાવાવાળી મિલ્કત પક્ષકારોની એટલે કે વાદી તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત જમીન છે એટલે કે બધા પક્ષકારોનો હકક હિસ્સો હોવાનું પુરવાર થાય છે.

વધુમાં, વાદી તેની દાવા અરજી અને સરતપાસમાં જણાવે છે કે "પરંતુ સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબ્જો છેલ્લા ત્રીસ વર્ષ કરતાં વધારે વર્ષથી

હમો વાદીનો એકલાનો ચાલી આવેલો ચાલુ છે." આમ, સદરહુ હકીકત જોતા એક તબકકે માની લેવામાં આવે કે વાદી પાસે દાવાવાળી મિલ્કતનો ફીઝીકલ કબ્જો છે પરંતુ કન્સટ્રકટીવ કબ્જો જેનો દાવાવાળી મિલ્કતોમાં અધીકાર છે તે તમામ પક્ષકારોનો છે. વધુમાં, વાદી તર્ફે રજુ આંક – ૩૯ થી રજુ ગામ નમુના નંબર ૮–અ જમીનની ખાતાવહી જોવામાં આવે તો તેમાં કબ્જેદારોના કોલમમાં વાદી અને પ્રતિવાદીઓના નામ જણાઇ આવે છે. વધુમાં, આંક – ૪૦ થી બ્લોક નંબર ૩૯૬ ની ૭/૧૨ જોવામાં આવે તો તેમાં પણ કબ્જેદારોના કોલમમાં વાદી અને પ્રતિવાદીઓના નામ જણાઇ આવે છે. આમ, સદર દસ્તાવેજો વંચાણે લેતા વાદી દાવાવાળી મિલ્કતના એકલા કબ્જેદાર હોવાનું સાબીત થતાં નથી પરંતુ દાવાવાળી મિલ્કતના વાદી અને પ્રતિવાદીઓ સંયુકત કબ્જેદારો હોવાનું સાબીત થાય છે.

વધુમાં, વાદી તર્ફે આંક – ૪૧ અને આંક – ૪૨ થી સહકારી ખાંડ ઉધોગ મંડળ લી. ગણદેવીના શેરડી વાવેતર મંજુરી પત્રક રજુ છે તેમાં સભાસદના નામમાં વાદી મોહનભાઇ પ્રેમાભાઇ ચૌહાણનું નામ જણાઇ આવે છે અને આંક – ૪૩ અને આંક – ૪૪ થી માપણી ફોર્મ રજુ છે અને તેમાં સભાસદમાં વાદી મોહનભાઇનું નામ જણાઇ આવ છે. આમ, ઉપરોકત દસ્તાવેજોની કરેલ ચર્ચા જોતા સભાસદમાં બધા કબ્જેદારોના નામ હોય તે જરૂરી નથી તેમજ સભાસદ તરીકે વાદીનું નામ હોવાથી દાવાવાળી મિલ્કતમાં વાદીનો એકલાનો અધીકાર સાબીત થતો નથી કે વાદી દાવાવાળી મિલ્કતના એકલા કબ્જેદાર હોવાનું પણ સાબીત થતુ નથી.

વધુમાં, આંક – ૪૫ અને આંક – ૪૬ થી રજુ સંયુકત જમીન મહેસુલની પાવતીમાં ખાતેદારના કોલમમાં કેશીબેન પ્રેમાભાઇનું નામ જણાઇ આવે છે અને હસ્તેમાં મોહનભાઇનું નામ જણાઇ આવે છે તેમજ આંક – ૪૭ અને આંક – ૪૮ થી રજુ શિક્ષણ ઉપકરની પાવતીઓ જોવામાં આવે તો તેમાં પણ ખાતેદારના કોલમમાં કેશીબેન પ્રેમાભાઇનું નામ જણાઇ આવે છે તેમજ આંક – ૩૯ અને ૪૦ થી રજુ દસ્તાવેજોમાં વાદી અને પ્રતિવાદીઓના નામની સાથે કેશીબેન પ્રેમાભાઇનું નામ જણાઇ આવે છે પરંતુ કેશીબેન પ્રેમાભાઇને દાવાના કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી તથા કેશીબેન કોણ છે

અને તેનો દાવાવાળી મિલ્કતમાં શું અધીકાર છે તથા કેશીબેન હયાત છે કે મરણ પામેલ છે તેવી કોઇ હકીકતનો કોઇ ઉલ્લેખ વાદીએ તેની દાવાઅરજી, સરતપાસ કે દલીલોમાં કરેલ નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીનો દાવાવાળી મિલ્કત ઉપર એકલાનો કબ્જો સાબીત થતો નથી.

વધુમાં, વાદી તેની દાવા અરજી અને સરતપાસમાં જણાવે છે કે "... ખેતીના હેતુ માટે પાણી અમો વાદીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટાની મોજે કવીઠા, તા. મહુવા ગામે આવેલી ખેતીની બ્લોક નંબર ૨૩ પૈકીની ખેતીની જમીનમાં પુર્ણા નદીમાંથી આવેલી સિમેન્ટની પાઇપલાઇન મારફતે જે કવીઠા ગામના અમારા કબ્જાની બ્લોક નંબર ૨૪ માંથી પસાર થાય છે, તેમાંથી લેતા આવેલ છીએ અને ખેતીના વિજ વપરાશના બીલો હમો વાદી ભરતા આવેલ છીએ." આમ, વાદી તેની દાવાઅરજી તથા સરતપાસમાં બ્લોક નંબર ૨૩ અને ૨૪ ની જે હકીકત જણાવે છે તે વાદીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટાની હોવા અંગેનો કોઇ પુરાવો વાદી તર્ફે રજુ કરેલ નથી તથા જે સિમેન્ટની પાઇપલાઇનનો ઉલ્લેખ કરેલ છે તે પાઇપલાઇન પસાર થતી હોવા અંગેનો પણ કોઇ પુરાવો વાદી તર્ફે રજુ કરવામાં આવેલ નથી અને વીજ વપરાશના બીલો વાદી ભરતા આવેલ હોવા અંગેનો પણ કોઇ પુરાવો વાદી તર્ફે રજુ થયેલ ન હોય ત્યારે વાદીએ તેની દાવા અરજીમાં જે ઉપરોકત હકીકતો જણાવેલ છે તે હકીકતો પુરવાર થતી નથી.

વધુમાં, વાદી તેની દાવા અરજી અને સરતપાસમાં જણાવે છે કે "આ કામના પ્રતિવાદી નં. ૪ થી નં. ૭ નાઓ હમો વાદીની પરીણીત બહેનો છે. તેણીઓ તેણીના સાસરે છે. તેઓ લગ્ન થયા બાદ દાવાવાળી મિલ્કત ઉપર કદી આવ્યા નથી. અને તેઓ લગ્ન થવાથી તેઓના કોઇપણ પ્રકારના લાગ ભાગ, હકક હિસ્સા, હિત, સંબંધ દાવાવાળી મિલ્કત બાબતે રહેલા ન હતા અને નથી." આમ, પ્રતિવાદી નં. ૪ થી ૭ નાઓ વાદીની બહેનો હોય અને લગ્ન થયા બાદ સાસરે જવાથી દાવાવાળી મિલ્કત ઉપર તેનો કોઇ હકક હિસ્સો રહેતો ન હોવાનું જણાવે છે પરંતુ વાદી તર્ફે રજુ રેવન્યુ દસ્તાવેજોની કરેલ ચર્ચા જોતા તેમાં પ્રતિવાદી નં. ૪ થી ૭ ના નામો જણાઇ આવે છે તેમજ કયા કાયદા અને કયા નિયમ અને કલમ હેઠળ પરીણીત

બહેનો સાસરે હોય તેનો દાવાવાળી મિલ્કત ઉપર કોઇ હકક અધીકાર રહેતો નથી તેનો પણ કોઈ ખુલાસો વાદીએ તેની દાવા અરજી, સરતપાસમાં કે દલીલોમાં કરેલ ન હોય ત્યારે વાદી દ્રારા જણાવવામાં આવેલ ઉપરોકત હકીકતો પુરવાર થતી નથી. જેથી વાદીની દાવાઅરજીમાં જણાવેલ હકીકતો સંદર્ભે શંકા ઉપસ્થીત થાય છે અને દાવાવાળી મિલ્કત ઉપર વાદીનો એકલાનો કબ્જો તથા માલીકી સાબીત થતી નથી.

વધુમાં, વાદી તેની દાવા અરજી અને સરતપાસના પેરા – ૩ જણાવે છે કે "... પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓની દાનત બગડેલી છે અને આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓ પોતાના માણસોને સ્થળ ઉપર મોકલાવી દાવાવાળી તમામ મિલ્કતનો પ્રત્યક્ષ કબ્જો બળજબરીથી લઇ લેવાની અને ભાડુતી માણસો મારફતે ઘુસી જવાની ધમકી આપે છે." આમ, વાદી તેની અરજીમાં દાવાવાળી મિલ્કતનો કબ્જો બળજબરીથી લઇ લેવાની ઉપરોકત હકીકત જણાવે છે પરંતુ વાદીએ તેની સદર હકીકતનો પુરવાર કરવા સારૂ કોઈ પુરાવો સદર કામે રજુ કરેલ નથી કે આજુબાજુના ખેડુતોને સદર હકીકત પુરવાર કરવા સારૂ સાક્ષી તરીકે તપાસેલ ન હોય ત્યારે વાદી દ્રારા જણાવવામાં આવેલ સદર હકીકતો પુરવાર થતી નથી.

આમ, ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ તથા વાદીએ તેની દાવા અરજીમાં સ્વીકારેલ હકીકત જોતા દાવાવાળી મિલ્કત વડીલોપાર્જીત મિલ્કત હોવાનું પુરવાર થતુ હોય મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. તેમજ વાદીનો દાવાવાળી મિલ્કત ઉપર એકલાનો ૩૦ વર્ષથી કબ્જો હોય તે હકીકત પુરવાર કરવામાં વાદીપક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નંબર ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે તથા દાવાવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓનો કોઇ હકક અધીકાર ન હોય તેવુ પુરવાર કરવામાં પણ વાદીપક્ષ નિષ્ફળ નિવડેલ હોય જેથી મુદ્દા નંબર ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. વધુમાં, પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કત ઉપર વાદીના લીગલ કેરેકટર અને અધીકારને નકારતા હોય તેવુ પણ રેકર્ડ ઉપર આવેલ ન હોય તેમજ પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કત ઉપર વાદીના લીગલ કેરેકટર અને અધીકારને નકારતા હોય તેવુ પુરવાર થતુ ન હોય મુદ્દા નંબર ૪ નો

જવાબ નકારમાં આપવામાં આવે છે. વધુમાં, વાદી તેની દાવા અરજીની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય અને ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીની દાવાની હકીકતો ઉપર શંકા ઉદભવતી હોય અને મુદ્દા નંબર ર, ૩ અને ૪ નો જવાબ નકારમાં આપવામાં આવેલ હોય અને વાદી તેનો દાવો પુરવાર કરવામાં પણ નિષ્ફળ નિવડેલ હોય વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ઠરતા ન હોય જેથી મુદ્દા નંબર ૫ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર ૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**// આખરી – હુકમ //**

(૧) વાદીનો આ દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ **તા.૨૭મી માહેઃ એપ્રીલ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૪/૨૦૨૬
મહુવા, જિ.સુરત

**(દેવાંશુ શર્મા)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જયુડી.મેજી.ફ.ક.,તા.મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૬૧૯**